| | | |
|---|---|---|
| GJBN020036772022 | सत्यमेव जयते | દાખલ તારીખ–૨૭/૦૪/૨૦૨૨<br>રજૂ તારીખ– ૨૭/૦૪/૨૦૨૨<br>ફેંસલ તારીખ– ૧૦/૦૪/૨૦૨૬<br>અવધિ– વર્ષ માસ દિવસ |

**ભાવનગરના મહેરબાન ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટ સમક્ષ, ભાવનગર**

**ફોજદારી કેસ નં.–૨૪૫૮/૨૦૨૨**
આંક–

**ફરિયાદી– સરકાર શ્રી**

**વિરુધ્ધ**

**આરોપીઓ– (૧) અશ્વિનભાઈ ઉર્ફે વિશાલ ઉર્ફે દાઢો સ/ઓ જગદિશભાઈ બારૈયા, ઉ.વ.૨૨,**

**(૨) સંજયભાઈ ઉર્ફે ગબ્બર સ/ઓ જગદીશભાઈ બારૈયા, ઉ.વ.૩૨,**

રહે. બંને ચિત્રા, રામદેવ પેટ્રોલ પંપ પાછળ, ભાવનગર

**ગુન્હો–ઈન્ડીયન પીનલ કોડની કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબનો**

ફરિયાદ પક્ષ તર્ફે– વિ. એ.પી.પી.શ્રી બી.એચ.ચુડાસમા.

આરોપી પક્ષ તર્ફે– વિ.વ.શ્રી જે. યુ. મહેતા

**ચુકાદો**

**(૧)** સદર કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૦૮/૦૬/૨૦૨૧ ના રોજ કલાક–૨૨:૦૦ વાગ્યે ચિત્રા, એસ. ટી. વર્કશોપની પાછળ, મફતનગર, ભાવનગર ખાતે આ કામના ફરીયાદી તથા તેમના ભાઈ પાસે હાલમા છેલ્લા બે વર્ષથી ચિત્રા સ્મશાનમાં લાકડા કાપવાનો ઈજારો હોય જે અગાઉ આરોપીઓ પાસે હતો તેની દાઝ રાખી ફરીયાદીના ઘર પાસે જઈ ફરીયાદીને બહાર બોલાવી અને આરોપી નં.(૧) ના હાથમા લોખંડનું ધારીયુ હોય તેના વડે તથા આરોપી નં.(૨) ના હાથમાં લોખંડનો સળીયો હોય તેના વડે ફરીયાદીને તથા સાહેદને માથાના ભાગે ઈજા કરી પાંચ

ટાંકા લાવી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરેલ હોય આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદીએ ઈન્ડિયન પીનલ કોડની કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબની ફરિયાદ આપતા બોરતળાવ પો. સ્ટે. ફ. ગુ. ર. નં.૧૧૧૯૮૦૧૫૨૧૦૯૫૮/૨૦૨૧ થી નોંધાયેલ અને ગુનાની તપાસને અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદપક્ષ ધ્વારા હાલનું ચાર્જશીટ દાખલ કરવામા આવેલ.

(૨) ચાર્જશીટ આવતા આરોપીઓને સમન્સ કરતા આરોપીઓ હાજર થયેલ અને આરોપી ઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સ મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપીઓની સામેનો ગુન્હો વોરંટ ટ્રાયેબલ હોઈ આંક–૦૪ થી આરોપીઓ વિરુધ્ધ તહોમતનામુ ફરમાવી આંક–૦૫ અને આંક–૦૬ થી આરોપીઓના નિવેદનો નોંધતા આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરતા સદર કામ ફરિયાદપક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ.

(૩) આ કામે ફરિયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબના મૌખિક તથા લેખિત પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

**<u>મૌખીક પુરાવાની વિગત</u>**

| **અનુ. નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદી–ચેતનભાઈ પ્રવિણભાઈ સરવૈયા | ૧૧ |
| ૨ | સાહેદ–રવીભાઈ પ્રવિણભાઈ સરવૈયા | ૧૩ |
| ૩ | સાહેદ–પ્રવિણભાઈ વેલજીભાઈ સરવૈયા | ૧૪ |

**<u>દસ્તાવેજી પુરાવાની વિગત</u>**

| **અનુ. નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદની ખરી નકલ | ૧૨ |
| ૨ | ગુન્હાવાળી જગ્યાના પંચનામાની ખરી નકલ | ૧૫ |
| ૩ | આરોપીઓને અટક પંચનામાઓની ખરી નકલ | ૧૬, ૧૭ |
| ૪ | હથીયારબંધીનું જાહેરનામાની ખરી નકલ | ૧૮ |
| ૫ | ફરીયાદી તરફે કલોઝીંગ પુરસીસ | ૧૯ |

(૪) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે સી.આર.પી.સી. કલમ–૩૧૩ મુજબ આરોપીઓનું નિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો પડેલ ન હોય વિશેષ નિવેદન નોંધવામા આવેલ નથી.

(૫) સદર કામે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તર્ફે વિ.વકીલશ્રીની દલીલો સાંભળી.

(૬) ફરીયાદપક્ષની દલીલો તથા રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા હાલના કેસના નિર્ણય માટે તેમની સમક્ષ નીચે મુજબ મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–:મુદ્દાઓ:–</u>**

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, તા.૦૮/૦૬/૨૦૨૧ ના રોજ કલાક–૨૨:૦૦ વાગ્યે ચિત્રા, એસ. ટી. વર્કશોપની પાછળ, મફતનગર, ભાવનગર ખાતે આ કામના ફરીયાદી તથા તેમના ભાઈ પાસે હાલમા છેલ્લા બે વર્ષથી ચિત્રા સ્મશાનમાં લાકડા કાપવાનો ઈજારો હોય જે અગાઉ આરોપીઓ પાસે હતો તેની દાઝ રાખી ફરીયાદીના ઘર પાસે જઈ ફરીયાદીને બહાર બોલાવી અને આરોપી નં.(૧) ના હાથમા લોખંડનું ધારીયુ હોય તેના વડે તથા આરોપી નં.(૨) ના હાથમાં લોખંડનો સળીયો હોય તેના વડે ફરીયાદીને તથા સાહેદને માથાના ભાગે ઈજા કરી પાંચ ટાંકા લાવી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કરેલ હોય આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદીએ ઈન્ડિયન પીનલ કોડની કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબ મુજબનો ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબના છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**<u>નિર્ણય માટેના કારણો</u>**

**<u>મુદ્દા નં. ૧ની ચર્ચા–</u>**

(૮) હાલના કામે આરોપીઓ સામે ઈન્ડિયન પીનલ કોડની કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪,

૫૦૬(૨), ૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનાનો આરોપ છે. તેથી સૌપ્રથમ સદર કલમ વંચાણે લીધી.

(૯) ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ મુજબ કોઈ પણ વ્યકિત ઈચ્છતી હોય કે પોતે પ્રતિપાદિત કરે છે તે હકીકતોના અસ્તિત્વના આધાર પરથી કોઈ અદાલત કોઈ કાનૂની અધિકાર અથવા જવાબદારી અંગે ચુકાદો આપે, તે હકીકત અસ્તિત્વમાં છે તેમ સાબિત કરવું પડે. જયારે કોઈ હકીકતોનું અસ્તિત્વ સાબિત કરવા એક વ્યકિત બંધાયેલી હોય ત્યારે એમ કહેવાય છે કે તે વ્યકિત પર સાબિતીનો બોજો છે. આમ, જયારે ફરિયાદપક્ષ એમ ઈચ્છતો હોય કે આરોપીઓને તેમણે લગાવેલા આરોપ બદલ દોષિત ઠરાવી સજા કરાવામાં આવે તો તેવા સંજોગોમાં આરોપીઓએ તે ગુનો કરેલાની હકીકત ફરિયાદપક્ષે શંકાથી પર પુરવાર /સાબિત કરવી જોઈએ. કારણ કે ફોજદારી કાર્યરીતિમાં કોઈ પણ ગુનાહિત કાર્યની જવાબદારી નકકી કરવા માટેની પ્રથમ ધારણા એવી હોય છે કે આરોપીઓ નિર્દોષ છે. પરંતુ જો આરોપીઓ ભારતીય પુરાવા અધિનિયમમાં જણાવેલ અપવાદો મુજબનો બચાવ લે તો તેવા સંજોગોમાં આરોપીઓએ પોતે જે તે અપવાદ અનુસાર લાભ લેવા હકકદાર છે તે બાબતે માત્ર સંભવિતતા જ દર્શાવવાની હોય છે. પરંતુ ફરિયાદપક્ષના કિસ્સામાં આ નિયમ લાગુ પડતો નથી. ફરિયાદ પક્ષે પોતાનો કેસ દરેક શંકાથી પર સાબિત કરવાનો હોય છે.

(૧૦) હવે, કોઈ પણ હકીકત સાબિત થઈ એમ કયારે કહેવાય તો તે બાબતે સાબિત શબ્દની વ્યાખ્યા વંચાણે લેવી જરૂરી છે કે જે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩ માં જણાવેલ છે. જેના આધારે એમ કહી શકાય કે જયારે અદાલત તેની સમક્ષ પડેલ બાબતો વિચારતા તે હકીકત અસ્તિત્વમાં છે એમ માને અથવા તેનું અસ્તિત્વ એટલી હદે સંભવિત માને કે એક સમજદાર વ્યકિત જે તે કેસના સંજોગો હેઠળ તેવી ધારણાથી વર્તે કે તેનું અસ્તિત્વ છે. આમ, કોઈપણ હકીકત સાબિત થયેલ છે કે કેમ તે નિર્ણય કરવા માટે જે તે કેસમાં રજૂ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરવું જરૂરી છે. પરંતુ પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું તેની કોઈ પધ્ધતિ કોઈ પણ કાયદામાં દર્શાવેલ નથી. દરેક કેસની હકીકતો તથા સંજોગો જુદા જુદા હોય છે અને તે હકીકતો અને સંજોગોને ઘ્યાનમાં રાખીને પુરાવાનું મુલ્યાંકન કરી શકાય અને ત્યાર બાદ જ નકકી કરી શકાય કે કોઈ હકકીત અસ્તિત્વ ધરાવે છે કે કેમ?

**(૧૧)** આમ, ઉપરોકત ચર્ચાના આધારે હાલના કામે રજૂ થયેલ પુરાવો વંચાણે લઈએ તો, ફરિયાદપક્ષ તરફે આંક–૧૧થી ફરીયાદી ચેતનભાઈ પ્રવિણભાઈ સરવૈયા નાઓને તપાસવામા આવેલા છે. તેઓ તેમની જુબાનીમા એવી હકીકત જણાવેલ છે કે, બનાવ આશરે ચારેક વર્ષ પહેલા બનેલો. બનાવ સમયે આરોપીઓ સાથે તેમને સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય બીજુ બાંઈ બનેલ નહી. બનાવ અંગે તેમણે ફરીયાદ આપેલી. જે ફરીયાદમાં તેમની સહી ઓળખી બતાવી આ કામે આંક–૧૨ થી રજુ કરેલ છે. આમ, સદરહુ ફરીયાદી તેમની ફરીયાદની હકકીતને સમર્થનકારક પુરાવો આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામા આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી ઘ્વારા કરવામા આવેલ ઉલટતપાસમા તેઓ તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. બચાવ પક્ષ તરફે આરોપીઓના વિ.વ.શ્રી ઘ્વારા કરવામા આવેલ ઉલટતપાસમા તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવ સમયે આરોપીઓ પાસે કોઈ હથીયાર ન હતુ કે તેના વડે તેમને, તેમના પિતાને કે તેમના ભાઈને માર મારેલ નહી કે કોઈ ઈજા પહોંચાડેલ નહી. બનાવ સમયે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા હોય ધકકા મુકકી થતા તેઓ પડી જતા તેમને ઈજા થયેલી. તેમને કોઈ ઈજા અંગેની હીસ્ટ્રી ડોકટરને જણાવેલ નહી.

**(૧૨)** સદર કામે ફરીયાદપક્ષ તરફે આંક–૧૩થી સાહેદ રવીભાઈ પ્રવિણભાઈ સરવૈયા નાઓને તપાસવામા આવેલા છે. તેઓ તેમની જુબાનીમા એવી હકીકત જણાવેલ છે કે, બનાવ આશરે ચારેક વર્ષ પહેલા બનેલો. બનાવ સમયે આરોપીઓ સાથે તેમને સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય બીજુ કાંઈ બનેલ નહી. બનાવ અંગે તેમના ભાઈએ ફરીયાદ આપેલી. પોલીસે તેમનો જવાબ લીધેલો. આમ, સદરહુ સાહેદ તેમના નિવેદનની હકીકતને સમર્થનકારક પુરાવો આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામા આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમા તેઓ તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. બચાવ પક્ષ તરફે આરોપીઓના વિ.વ.શ્રી ઘ્વારા કરવામા આવેલ ઉલટતપાસમાં તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવ સમયે આરોપીઓ પાસે કોઈ હથીયાર ન હતુ કે તેના વડે તેમને, તેમના પિતાને કે તેમના ભાઈને માર મારેલ નહી કે કોઈ ઈજા પહોંચાડેલ નહી. બનાવ સમયે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા હોય ધકકા મુકકી થતા તેઓ પડી જતા તેમને ઈજા થયેલી. તેમને કોઈ ઈજા અંગેની હીસ્ટ્રી ડોકટરને જણાવેલ નહી.

(૧૩) સદર કામે ફરીયાદપક્ષ તરફે આંક–૧૪થી સાહેદ પ્રવિણભાઈ વેલજીભાઈ સરવૈયા નાઓને તપાસવામા આવેલા છે. તેઓ તેમની જુબાનીમા એવી હકીકત જણાવેલ છે કે, બનાવ આશરે ચારેક વર્ષ પહેલા બનેલો. બનાવ સમયે આરોપીઓ સાથે તેમને સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય બીજુ કાંઈ બનેલ નહી. બનાવ અંગે તેમના દીકરાએ ફરીયાદ આપેલી. પોલીસે તેમનો જવાબ લીધેલો. આમ, સદરહુ સાહેદ તેમના નિવેદનની હકીકતને સમર્થનકારક પુરાવો આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને હોસ્ટાઈલ જાહેર કરવામા આવેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસમા તેઓ તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. બચાવ પક્ષ તરફે આરોપીઓના વિ.વ.શ્રી ધ્વારા કરવામા આવેલ ઉલટતપાસમાં તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવ સમયે આરોપીઓ પાસે કોઈ હથીયાર ન હતુ કે તેના વડે તેમને, તેમના બંને દીકરાઓને માર મારેલ નહી કે કોઈ ઈજા પહોંચાડેલ નહી. બનાવ સમયે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા હોય ધકકા મુકકી થતા તેઓ પડી જતા તેમને ઈજા થયેલી. તેમને કોઈ ઈજા અંગેની હીસ્ટ્રી ડોકટરને જણાવેલ નહી.

(૧૪) ફફરિયાદ પક્ષ તરફે આ સિવાય અન્ય કોઈ પુરાવો રજૂ થયેલ નથી. હવે, આ કામના આરોપીઓ સામે મુકવામા આવેલ તહોમત સંબંધે રેકર્ડ પર રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતા ખુદ ફરીયાદીએ તેઓની જુબાનીમાં આરોપીઓ વિરૂધ્ધ કોઈ પુરાવો આપેલ નથી. ફરીયાદીની જુબાની ધ્યાને લેતા બનાવ સમયે આરોપીઓ સાથે તેમને સામાન્ય બોલાચાલી સિવાય બીજુ કાંઈ બનેલ નહી હોવાની તથા આરોપી પક્ષે કરવામા આવેલ ઉલટતપાસમા તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, બનાવ સમયે આરોપીઓ પાસે કોઈ હથીયાર ન હતુ કે તેના વડે તેમને, તેમના પિતાને કે તેમના ભાઈને માર મારેલ નહી કે કોઈ ઈજા પહોંચાડેલ નહી. બનાવ સમયે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા હોય ધકકા મુકકી થતા તેઓ પડી જતા તેમને ઈજા થયેલી. તેમને કોઈ ઈજા અંગેની હીસ્ટ્રી ડોકટરને જણાવેલ નહી. આમ, સમગ્ર બનાવ ફરિયાદીની ફરિયાદ પરથી ઉભો થયો હોવા છતા ખુદ ફરિયાદીની જુબાનીથી ફરીયાદની હકીકતને કોઈ જ સમર્થનકારી પુરાવો જણાય આવતો નથી. વધુમા આ કામે ફરીયાદપક્ષ તરફે તપાસવામા આવેલા આંક–૧૩ તથા આંક–૧૪ વાળા બંને સાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલ હોય તેઓની જુબાની ફરીયાદપક્ષને મદદરૂપ થતી નથી. આમ તમામ સાહેદોની જુબાનીઓ ધ્યાને લેતાં આ કામના આરોપીઓ વિરૂધ્ધ કોઈ આક્ષેપો સાબિત થતા

ન હોય તથા આરોપીઓને સદર ગુન્હામાં તકસીરવાન ઠરાવી શકાય તેટલો પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ ન હોય જેથી ફરીયાદપક્ષ આ કામના આરોપીઓ સામે મુકવામા આવેલ તહોમત સાબિત કરવામા સદંતર નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામા આવે છે.

## **<u>હુકમ</u>**

**(૧)** આ કામના આરોપીઓ (૧) અશ્વિનભાઈ ઉર્ફે વિશાલ ઉર્ફે દાઢો સ/ઓ જગદિશભાઈ બારૈયા, (ર) સંજયભાઈ ઉર્ફે ગબ્બર સ/ઓ જગદીશભાઈ બારૈયા નાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–ર૪૮(૧) અન્વયે ઈન્ડિયન પીનલ કોડની કલમ–૩ર૩, ૩ર૪, ૫૦૪, ૫૦૬(ર), ૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે.

**(ર)** મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબના નાશપાત્ર મુદ્દામાલ એક લોખંડનું ધારીયુ અને એક લોખંડનો પાઈપનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

**(૩)** હાલના કામે આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭ (એ)મુજબ અપીલના કામે જરૂર જણાયે હાજર રહેવા માટે અગાઉ આપેલ જામીન તથા જામીનખત છ માસની મુદત માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૦ મી માહે –એપ્રિલ, સને–ર૦ર૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૧૦/૦૪/ર૦ર૬**
**સ્થળ–ભાવનગર.**

**(જોય સ્નેહલકુમાર મહેતા)**
**ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ભાવનગર**
**CODE No.GJ01094**

FAIZAN